# શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ ન્યૂઝલેટર
# ડિસેમ્બર - ૨૦૨૨

જૈન ધર્મના તમામ ફિરકાના બાળકોને ધોરણ ૫ થી ૧૨ અને કોલેજમા ભણવા તેમજ રહેવા માટેની સંસ્કરણ સાથેની નિ :શુલ્ક સુવિધા.
એડમિશન પ્રક્રિયા ચાલુ છે.


Email : sjvgmumbai1@gmail.com
Email : sjvg222089@gmail.com
Web Site : http://www.sjvggruh.org



ટ્રસ્ટ રજી નં.૮૪૨ ( F )

સ્થાપના : સવંત ૨૦૦૨
ઈ.સ. : ૧૯૪૫

# શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ




ત્રિવેણી સંગમ




શ્રી મહાવીરસ્વામી
શ્રી શાંતિનાથ દાદા
શ્રી અનંતનાથ સ્વામી
શ્રી શાંતિનાથ દાદા શિખરબંધી જિનાલય

# ડિસેમ્બર મહિનાનો અહેવાલ પ્રસ્તુત કરતાં હર્ષની લાગણી

પ્રતિ શ્રી, પ્રમુખ શ્રી, ટ્રસ્ટી મંડળ, દાતાશ્રી, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા શુભેચ્છક મિત્રો,

શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ.

જય જીનેન્દ્ર!


સવિનય સાથે જણાવવાનું કે અમે નીવ શાહ ધોરણ ૮(ગઢડા) અને હિમેશ આશરા ધોરણ ૯ (મુંબઈ) માં અભ્યાસ કરતા વિધાર્થીઓ આપણી સંસ્થાના મુંબઈ ઓફિસ સ્થિત દિક્ષીતાબેન અને સંસ્થાના ભુતપૂર્વ વિદ્યાર્થી  રોનકભાઈ ડગલીના માર્ગદર્શન હેઠળ ડિસેમ્બર માસનો 'ઓનલાઈન' અહેવાલ આપની સમક્ષ પ્રસ્તુત કરતા હર્ષની લાગણી અનુભવીએ છીએ.

# વિદ્યાર્થીઓનું અભ્યાસ કાર્ય

+ વિદ્યાર્થીઓનું અભ્યાસ કાર્ય નિયમિત અને વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું છે તેમની શાળામાં યુનિટ ટેસ્ટ તેમજ અઠવાડિક ટેસ્ટ નિયમિત લેવામાં આવે છે અને ટ્યુશન વર્ગમાં પણ દર શનિવારે ટેસ્ટનું આયોજન કરવામાં આવે છે.
+ દરેક વિદ્યાર્થીઓનું દરેક ટેસ્ટનું પરિણામ પણ સારુ આવે છે અને જે વિદ્યાર્થી જે વિષયમાં નબળો છે તેના પર ખાસ ધ્યાન આપવામાં આવે છે.
+ આ સિવાય અત્યારે સંગીત વર્ગમાં ૧૧ વિદ્યાર્થીઓ તાલીમ રહ્યા લઈ રહ્યા છે

જેમાં પાંચ વિદ્યાર્થીઓ તબલા અને છ વિદ્યાર્થીઓ હાર્મોનિયમ શીખી રહ્યા છે તેઓ સ્તવન, પ્રાર્થના, દેશભક્તિ ગીત વગેરે સરસ રીતે વાદ્ય સાથે વગાડી જાણે છે.






# અષ્ટપ્રકારી પુજા અને સ્નાત્ર પુજાનું આયોજન

તારીખ ૪ ડિસેમ્બરના રોજ રવિવારના દિવસે સવારે ધાર્મિક કેપ્ટન મિહિર મહેતાની આગેવાની હેઠળ શાંતિનાદાદાના દેરાસરમાં અષ્ટપ્રકારી પૂજાનું આયોજન કરવામાં આવ્યુ હતુ અને દરેક વિદ્યાર્થીઓએ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

તારીખ ૧૧ ડિસેમ્બરના રોજ રવિવારના દિવસે સવારે ધાર્મિક કેપ્ટન મિહિર મહેતા અને દીપ શાહની આગેવાની હેઠળ શાંતિનાદાદાના દેરાસરમાં સ્નાત્ર પૂજાનું આયોજન કરવામાં આવ્યુ હતું અને દરેક વિદ્યાર્થીઓએ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# ક્રિકેટ મેચનું આયોજન



તારીખ ૧૨ મી ડિસેમ્બરના રવિવારના દિવસે વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ વચ્ચે ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યુ હતું.જેમાં વિદ્યાર્થીઓને ૨ ટુકડીમાં વિભાજિત કરવામાં આવ્યા હતા.

બંને ટુકડીના દરેક રમતવીર ખૂબ જ સરસ રીતે રમ્યા હતા અને કેપ્ટન જતીન શાહની ટીમ વિજેતા બની હતી.

વિજેતા ટીમને ખુબ ખુબ અભિનંદન.

| | |
|---|---|
| શાંતિનાથ ટુકડી | કેપ્ટન જતીન શાહ |
| પાર્શ્વનાથ ટુકડી | કેપ્ટન યશ ધંધૂકીયા |

# અઠ્ઠમ તપની આરાધના

પાર્શ્વનાથ ભગવાનના જન્મ કલ્યાણક અને દીક્ષા કલ્યાણક દિન નિમિત્તે આપણી સંસ્થામાં રહી ધોરણ ૧૦માં અભ્યાસ કરતો વિદ્યાર્થી નમન દાનેશભાઈ શેઠએ પોષ દશમીએ અઠ્ઠમ તપ કરી પાર્શ્વપ્રભુની આરાધના કરી હતી.

નમન માટે અઠ્ઠમ બાદ વિદ્યાર્થીગૃહમાં જ પારણાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

અઠ્ઠમ તપની આરાધના બાદ નમનની શાતા સારી રહી હતી.



# વકતૃત્વ સ્પર્ધામાં વિજેતા

નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા(એન. એસ. યુ .આઈ) દ્વારા કે.કે હાઈસ્કૂલમાં વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ.

જેમાં ઋષભ અમીશભાઈ શેઠ (ધોરણ ૧૧મા) એ "જો હું મુખ્યમંત્રી હોઉં તો" વિષય પર પોતાનું વક્તવ્ય આપીને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.

આ સ્પર્ધામાં વિજેતા થવા માટે તેને એક શીલ્ડ મળેલ છે.

વિજેતા બનવા માટે ઋષભને ખૂબ ખૂબ અભિનંદન.






# ચિત્રકામ સ્પર્ધાનું આયોજન

વિદ્યાર્થીગૃહના શિક્ષિકા શ્રી ભાવનાબેન માટલીયા દ્વારા તારીખ ૨૦ ડિસેમ્બરના રોજ એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

જેમાં નીચે મુજબના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા.

| વિદ્યાર્થીનું નામ | સ્થાન |
|---|---|
| જિનેન્દ્ર જૈન | પ્રથમ સ્થાન |
| જતીન શાહ | દ્વિતીય સ્થાન |

વિજેતા તેમજ દરેક ભાગ લેનાર વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન...

# વિદ્યાર્થીગૃહના પ્રચાર હેતુ સેમિનારનું આયોજન

ભાયંદરમાં બાવન જિનાલય પરિસરમાં,વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ શિક્ષણ અને સંસ્કરણ માટે શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ,જૈન એજ્યુકેશન એન્ડ એમપાવરમેંટ ટ્રસ્ટ(જીત સંસ્થા) અને શ્રાવિકાશ્રમ(પાલિતાણા) ના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૮ મી ડિસેમ્બરના રોજ એક શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ફાઉંડેશન સમિતિના કાર્યકર્તા શ્રી જીનેશભાઇ અને જૈન એલર્ટ ગ્રુપના સભ્ય શ્રી પિયુષભાઈ ધામીએ ખૂબ જ સાથ સહકાર આપ્યો હતો.

જીત સમિતિના સભ્ય શ્રી સમીરભાઈ વખારીયાએ વિદ્યાર્થીગૃહવતી પ્રેઝેનટેશન પ્રસ્તુત કર્યું હતું.

આ સિવાય પણ મીરારોડ ફાઉંડેશન સમિતિના કાર્યકર્તા શ્રી રાજેશભાઈ, વિદ્યાર્થીગૃહના મુંબઈ સમિતિના સભ્યો શ્રી શૈલેષભાઈ શેઠ, શ્રી નિલેષભાઈ ગાંધી, શ્રી અલ્પેશભાઇ ગાંધી, શ્રી અશોકભાઇ પારેખ તેમજ અને મુંબઈ ઓફિસથી દિક્ષિતાબેન શાહ અને વિદ્યાર્થીગૃહના ભુતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ સેમિનારમાં અંદાજે ૧૮૦ થી ૨૦૦ જેટલા વાલીઓએ હાજરી આપી હતી અને દરેકે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.જેમાંથી વર્ષ ૨૦૨૩ – ૨૦૨૪ માં વિદ્યાર્થીગૃહમાં દાખલ થવા માટે ૧૭ વાલીઓએ અને શ્રાવિકાશ્રમ માટે ૬ વાલીઓ એ રસ બતાવીને ફોર્મ ભર્યા હતા.



ઋષભ શાહ - ધોરણ ૧૧
૨૬.૧૨.૨૦૦૫



નિષ્ક શાહ - ધોરણ ૭
૦૫.૧૨.૨૦૧૦



પારસ પટવા - ધોરણ ૧૨
૩૦.૧૨.૨૦૦૪

# જન્મદિવસની શુભેચ્છા

આપણી સંસ્થામાં અભ્યાસ કરી રહેલા 3 વિદ્યાર્થીઓનો જન્મદિવસ ડિસેમ્બર મહિનામાં હતો.

ત્રણેય વિદ્યાર્થીઓને જન્મદિવસ નિમિતે દરેક વિદ્યાર્થીઓ દ્વારા શુભેચ્છા આપવામાં આવી હતી.

# આપના શુભ પ્રસંગે માતૃસંસ્થાને અનુદાન આપી પુણ્ય કાર્ય કરવાનો અવસર

આપણી સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આપ આપના જન્મદિન નિમિત્તે, લગ્ન પ્રસંગે કે અન્ય શુભ પ્રસંગે મિઠાઈ વિતરણ, અલ્પાહાર કે ભોજન કરાવી તેમજ યથાશક્તિ અનુદાન આપી લાભ લઈ શકો છો.

આપણા અનેક દાતાઓ , શુભેચ્છકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આ લાભ લે છે.

આ લાભ લેવા માટે આપ આપણી સંસ્થાના ગૃહપતિ શ્રી જીતુભાઈ બારોટને નીચેના નંબર ઉપર સમ્પર્ક કરી શકો છો અથવા નીચે આપેલ બૅંકમાં પણ જમા કરવી શકો છો.

શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ

ગૃહપતિ જીતુભાઈ બારોટ – ૯૪૨૬૪૫૨૦૮૯.

| બૅંક નામ | સ્ટેટ બૅંક ઓફ ઈન્ડિયા |
|---|---|
| ખાતા ક્રમાંક | ૦૦૦૦૦૦૫૬૧૩૮૦૨૦૦૪૯ |
| આઇ.એફ.એસ. કોડ | SBIN૦૦૬૦૧૩૮ |
| બ્રાન્ચ | સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ |

# સ્થાનિક સમિતિના સભ્યની મુલાકાત

આપણે ત્યાં રહેલા સ્થાનિક સમિતિના સભ્ય કનુભાઈ સંઘવી, પ્રદીપભાઈ દોશી, ચેતનભાઈ દોશી, કિશોરભાઇ મહેતા અને પ્રિયેશભાઇ સલોત અવારનવાર વિદ્યાર્થીગૃહની મુલાકાત લેતા રહે છે.

વિદ્યાર્થીઓનુ ભણતર અને સ્વાસ્થ્ય બાબતે ગૃહપતિ જીતુભાઈ અને આસિસ્ટન્ટ ગૃહપતિ જયસુખભાઇ સાથે વાતચીત કરતાં રહે છે. આ માટે વિદ્યાર્થીઓના અભ્યાસ અને સ્વાસ્થ્યને લગતા જરૂરી સૂચનો પણ આપતા રહે છે.

આ માટે શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ આપનો આભાર માને છે.

# અમદાવાદ સમિતિના સભ્ય કલ્પિતભાઈ દોશીની મુલાકાત

તારીખ ૯ ડિસેમ્બરના રોજ સંસ્થાના અમદાવાદ સમિતિના સભ્ય શ્રી કલ્પિતભાઈ દોશી સંસ્થાની મુલાકાતે આવ્યા હતા.

તેમણે વિદ્યાર્થીના અભ્યાસ વિશે જીતુભાઈ તેમજ જયસુખભાઈ સાથે ચર્ચા કરી અને વિદ્યાર્થીના અભ્યાસમાં કઈ રીતે સુધારો લાવી શકાય તે અંગે ચર્ચા કરી હતી અને જરૂરી સૂચનાઓ આપી હતી.

આ મુલાકાત બદલ તેમણે સંસ્થામાં રૂ.૫૦૦ ભેટ લખાવ્યા હતા.



# ભુતપૂર્વ વિદ્યાર્થીની વિદ્યાર્થીગૃહની મુલાકાત

તારીખ ૨૬ ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ વિદ્યાર્થીગૃહના ભૂતપૂર્વ વિદ્યાર્થી રાજેશભાઈ,શૈલેષભાઈ અને અભયભાઇ પોતાના પરિવાર સાથે પધાર્યા હતા.

તેમણે રસપૂર્વક આખી સંસ્થા નિહાળી હતી અને પોતાની જૂની યાદો તાજા કરી હતી.

તેમણે દરેક વિદ્યાર્થીઓ સાથે પણ અભ્યાસ વિષે ચર્ચા કરી હતી.



# ભુતપૂર્વ વિદ્યાર્થીની વિદ્યાર્થીગૃહની મુલાકાત

તારીખ ૨૮ ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ વિદ્યાર્થીગૃહના ભૂતપૂર્વ વિદ્યાર્થી કેતનભાઈ,હિતેશભાઈ અને નિતિનભાઇ પોતાના પરિવાર સાથે પધાર્યા હતા.

તેમણે સંસ્થામાં રહેલા દરેક વિદ્યાર્થીઓ સાથે પણ અભ્યાસ વિષે ચર્ચા કરી હતી.

ત્યારબાદ તેમણે દરેક વિદ્યાર્થીઓને ફળાહાર કરાવ્યો હતો અને ત્યારબાદ વિદાય લીધી હતી.



# વાચકોના શુભેચ્છા સંદેશ

ગયા નવેમ્બર મહિનાના આપણા માસિક અહેવાલથી સંતુષ્ટ થઈને આપણા નીચે મુજબના શુભેચ્છક મિત્રોએ આપણને શુભકામના પાઠવી હતી.

- Excellent – નરપતભાઈ સંઘવી
- સરસ – દિવ્યાંગભાઈ શાહ
- સરસ – પરેશભાઈ શાહ
- અનુમોદના - જયેશભાઇ માટલીયા
- ખૂબ જ આનંદમય  રિપોર્ટ  આપવા બદલ ધન્યવાદ – અમીષભાઈ દોશી
- ખૂબ જ સરસ – વિમલભાઈ શેઠ
- સરસ – જયેશભાઇ સંઘવી
- અનુમોદના – દિક્ષિત ભાઈ શાહ

# વિદ્યાર્થીગૃહમાં ડિસેમ્બર મહિનામાં મળેલી અનુદાનની વિગત

ડિસેમ્બર મહિનામાં દિવાળી બોણી અને નિભાવ ફંડ ખાતે કૂલ ૭,૨૦૧ ની રકમ પ્રાપ્ત થઈ છે.

| દાતાનું નામ | મળેલી રકમની યાદી |
|---|---|
| પાર્થભાઈ પટેલ | ૫૧૦૦ |
| કલ્પિતભાઈ દોશી | ૫૦૦ |
| એક સદગૃહસ્થ તરફથી | ૧૦૦ |
| ચેતનભાઈ શાહ | ૫૦૦ |
| યશવંતભાઈ વસાણી | ૧૦૦૧ |
| કૂલ | ૭૨૦૧ |

# શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહના સ્થાનિક સમિતિ સભ્યની યાદી

| નામ | મોબાઇલ નંબર |
|---|---|
| કનુભાઈ સંઘવી | ૯૫૧૦૫ ૧૫૮૩૪ |
| પ્રદીપભાઇ દોશી | ૯૪૨૬૪ ૫૫૬૫૫ |
| ચેતનભાઈ દોશી | ૯૮૨૫૬ ૯૨૨૫૫ |
| કિશોરભાઈ મહેતા | ૯૪૨૮૬ ૧૯૧૮૫ |
| પ્રિયેશભાઇ સલોત | ૯૪૨૭૯ ૦૬૯૧૩ |

# વિદ્યાર્થીગૃહ સંચાલક સમિતિના કારોબારી સભ્યની યાદી

- વિદ્યાર્થીગૃહ સંચાલક સમિતિના ટ્રસ્ટીની યાદી

| નામ | હોદ્દો |
|---|---|
| ભીખાલાલભાઈ એમ. દોશી | ટ્રસ્ટી / સેક્રેટરી |
| નવીનભાઈ સી.શેઠ | ટ્રસ્ટી |
| મિલનભાઈ ડી.શાહ | ટ્રસ્ટી |
| નરેશભાઇ એન.શાહ | ટ્રસ્ટી (સુરત) |
| નિતિનભાઈ ટી. સંઘવી | ટ્રસ્ટી |
| રજનીભાઈ સી. મહેતા | ટ્રસ્ટી (અમદાવાદ) |

વિદ્યાર્થીગૃહ સંચાલક સમિતિના પ્રમુખની યાદી

| નામ | હોદ્દો |
|---|---|
| નગીનદાસભાઈ ઝેડ.મહેતા | પ્રેસિડેન્ટ |
| નિલેષભાઈ બી.ગાંધી | વાઇસ પ્રેસિડેન્ટ |
| શૈલેષભાઈ કે. શેઠ | સેક્રેટરી |
| અશોકભાઇ કે.વેજાણી | સેક્રેટરી |
| અશોકભાઇ એન. પારેખ | ખજાનચી |

# વિદ્યાર્થીગૃહ સંચાલક સમિતિના કારોબારી સભ્યની યાદી

## વિદ્યાર્થીગૃહ સંચાલક સમિતિના ટ્રસ્ટીની યાદી

| નામ | હોદ્દો |
| --- | --- |
| ચંદ્રકાંતભાઈ ટી.દોશી | કમીટી મેમ્બર |
| શાંતિભાઈ એચ. વડાલીયા | કમીટી મેમ્બર |
| પંકજભાઈ પી. દોશી | કમીટી મેમ્બર |
| પંકજભાઈ એચ. દોશી | કમીટી મેમ્બર |
| અજિતભાઈ કે.સંઘવી | કમીટી મેમ્બર |
| મિલનભાઈ એમ. શેઠ | કમીટી મેમ્બર |
| ભરતભાઇ આર. મહેતા | કમીટી મેમ્બર |
| રાજેન્દ્રભાઈ પી. સંઘવી | કમીટી મેમ્બર |

## વિદ્યાર્થીગૃહ સંચાલક સમિતિના પ્રમુખની યાદી

| નામ | હોદ્દો |
| --- | --- |
| કુમારભાઈ એ.દોશી | કમીટી મેમ્બર |
| અલ્પેશભાઇ બી. ગાંધી | કમીટી મેમ્બર |
| અભયભાઇ ડી. સાવડિયા | કમીટી મેમ્બર |
| પંકજભાઈ પી.સંઘવી | કમીટી મેમ્બર |
| હરેશભાઈ બી.દોશી | કો.ઓપ. કમીટી મેમ્બર |
| ભાંવિનભાઇ ટી.સંઘવી | કો.ઓપ. કમીટી મેમ્બર |
| કલ્પિતભાઇ એચ દોશી | અમદાવાદ કમીટી મેમ્બર |
| અંકુરભાઈ એન. મહેતા | કમીટી મેમ્બર |

# પત્રવ્યવહારનું સરનામુ

સાવરકુંડલા  કાર્યાલય

શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ

જિલ્લો  - અમરેલી

સાવરકુંડલા – ૩૬૪૫૧૫

ઓફીસ : ૦૨૮૪૫ – ૨૨૨૦૮૯

ગૃહપતિ  - જીતુભાઈ બારોટ : ૯૪૨૬૪ ૫૨૦૮૯

મુંબઈ કાર્યાલય

c/o. કલ્પેશ ગારમેન્ટ

૪૧,ચકલા સ્ટ્રીટ,

મસ્જિદ બંદર સ્ટેશન પાસે,

મુંબઈ – ૪00003

ઓફીસ : ૦૨૨ – ૨૩૪૦૧૯૨૫

દિક્ષીતા બેન : ૯૩૭૨૯  ૪૦૮૭૮



# Thank You

આપનો પ્રતિભાવ અમારા માટે ઉત્સાહવર્ધક બનશે.